For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in




શહેરના રાવપુરા વિસ્તારમાં રોડ પર વરસાદી પાણી ભરાતાં આસપાસના દૂકાનોમાં પાણી પ્રવેશ્યા હતા જેના કારણે વેપારીઓ,દુકાનદારોને પોતાની દુકાનમાં માલ સામાન પલળી ન જાય તે માટે કર્મચારીઓ સાથે સામાનને સુરક્ષિત રીતે મૂકવાની તજવીજ યુધ્ધના ધોરણે કરવાનો વારો આવ્યો હતો. રાવપુરા વિસ્તારમાં વાહનચાલકો અને રાહદારીઓને અવરજવર માટે મુશ્કેલી પડી હતી તો બીજી તરફ આસપાસના સ્થાનિક બાળકોને જાણે ચોમાસામાં આ રોડ સ્વિમિંગ પુલ જેવો બન્યો હોય ન્હાવાનો આનંદ માણ્યો હતો. **(તસવીર : રણજીત સૂર્વે)**

# દોઢ ઈંચમાં વડોદરાની બદતર હાલત

# વધારે વરસાદ પડ્યો તો વિચારો શું થશે!

**સયાજીગંજ, ગોરવા, રાવપુરા, માંજલપુર, બાપોદ જકાતનાકા વિસ્તાર સહિત નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયાં : અલકાપુરી રેલવે ગરનાળું અને પરશુરામ ભઠ્ઠા ગરનાળું પાણી ભરાતાં સાવચેતીના ભાગરૂપે બંધ કરાયું**

**શહેરમાં** સવારે દસથી 4 વાગ્યા સુધી દોઢ અને 8 વાગ્યા સુધી અઢી ઈંચ વરસાદ નોંધાયો

**જળ સપાટી**
રાત્રે 8 વાગ્યા સુધીના આંકડા ફૂટમાં

| | |
|---|---|
| આજવા સરોવર | 210.77 |
| પ્રતાપપુરા | 222.36 |
| **વિશ્વામિત્રી નદી સ્થળ** | |
| અકોટા | 14.93 |
| કાલાઘોડા | 11.87 |
| બહુચરાજી | 3.81 |
| મંગલ પાંડે બ્રિજ | 12.32 |
| મુજમહુડા | 13.23 |
| સમા -હરણી | 12.77 |
| વડસર | 11.40 |

(પ્રતિનિધિ) વડોદરા તા. 05

શનિવારે સવારથી ધીમી ધારે શરુ થયેલ વરસાદ દસ વાગ્યા પછી વધ્યો હતો અને બપોરે ચાર વાગ્યા સુધીમાં જ દોઢ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. જેમાં શહેરના સયાજીગંજ,ગોરવા, રાવપુરા, લહેરીપુરા, નવાબજાર, નટુભાઈ સર્કલ, સહિત અનેક નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી જેમાં માત્ર દોઢ ઈંચ વરસાદે જ પાલિકા તંત્રની પ્રિમોન્સૂનની કામગીરીની પોલ ખોલી નાખી છે.

ચાર દિવસના મેઘ વિરામ બાદ વડોદરા સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગત ગુરુવાર મધરાતથી વરસાદી હેલી શરુ થઈ હતી અને શુક્રવારે રાત સુધીમાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો ત્યારબાદ શનિવારે સવારથી જ મેઘમહેર યથાવત જોવા મળી હતી જેમાં સવારે ધીમી ધારે વરસાદને પગલે દસ વાગ્યાથી બપોરે બે વાગ્યા સુધીમાં 8મીમી વરસાદ નોંધાયો હતો ત્યારબાદ બપોરે બે વાગ્યા થી ચાર વાગ્યા દરમિયાન માત્ર બે કલાકમાં જ સવા ઈંચ થી વધુ વરસાદ વરસ્યો હતો જેના કારણે શહેરના સયાજીગંજ વિસ્તારમાં જેતલપુર રેલવે અંડર ગરનાળામાં



વરસાદી પાણી ભરાઈ જતાં રાહદારીઓ અને વાહનદારીઓ માટે સાવચેતીના ભાગરૂપે અવરજવર માટે બંધ કરવામાં આવ્યું હતું તે જ રીતે પરશુરામ ભઠ્ઠા પાસેના રેલવે અંડર બ્રિજ ગરનાળામાં વરસાદી પાણી ભરાતાં ફોર્સ સાથે પાણી વહેતા આ ગરનાળામાં અવરજવર માટે બંધ કરવામાં આવ્યું હતું. અહીં પાણીનો પ્રવાહ સતત એટલો હતો કે ભૂલથી પણ કોઈ અંદર જવાની હિંમત કરે તો તેના માટે જોખમી બની શકે. શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા આઈ ટી આઈ ચારરસ્તા, ગેંડા સર્કલ, નટુભાઈ સર્કલ તથા ગોરવા ગામમાં ઘૂંટણ સુધીના વરસાદી પાણી ભરાયાં હતાં જેના કારણે વાહનચાલકો, રાહદારીઓ ને હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. શહેરના આંબેડકર સર્કલ તેમજ રાવપુરા વિસ્તારમાં વરસાદી પાણી ભરાતાં દુકાનોમાં વરસાદી પાણી ઘૂસ્યા હતા જેના કારણે વેપારીઓ, દુકાનદારોને દુકાનનો સામાન યોગ્ય જગ્યાએ સુરક્ષિત મૂકવાની દોડધામ અંને મહેનત કરવી પડી હતી.શહેરના માંડવી થી લહેરીપુરા દરવાજા, પાણીગેટ દરવાજા સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતાં લોકોને પરેશાન થવાનો વારો આવ્યો હતો.

શનિવારે બપોરે ચાર વાગ્યા સુધીમાં જ દોઢેક ઈંચ વરસાદ થી પાલિકા તંત્રની પ્રિમોન્સૂનની કામગીરીની પોલ ખુલી ગઈ હતી. શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાતાં પાલિકા તંત્રની પ્રિમોન્સૂનની કામગીરી જેમાં કેચપીટો,વરસાદી વાળાઓની સફાઈ, ડ્રેનેજ ની સફાઈ, તોતિંગ અને જોખમી વૃક્ષોની છટણી અંગેની પોલ ઉઘાડી પડી હતી. વેઠ ઉતારતી અને દેખાડા પુરતી પાલિકા તંત્રની પ્રિમોન્સૂનની કામગીરી પાછળ લાખો રૂપિયાનો માત્ર ધૂમાડો કરાયો હોય તેવું ચિત્ર ઉપજી આવ્યું હતું. હવામાન વિભાગ દ્વારા હજી બે દિવસ રાજ્યમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે ત્યારે જો ચાર ઈંચ કે તેથી વધુ વરસાદ પડે તો શહેરમાં શું સ્થિતિ સર્જાઈ શકે તે આ દોઢ ઈંચ ના વરસાદની સર્જાયેલી સ્થિતિ જ બતાવી રહી છે. પાલિકા તંત્ર દ્વારા પ્રિમોન્સૂનની કામગીરી પાછળ લાખો રૂપિયા ખર્ચવામાં આવે છે પરંતુ યોગ્ય અને દૂરંદેશી આયોજનના અભાવે દર વર્ષે જનતાના વેરાના પૈસા પાણીમાં વહી રહ્યાં છે તદ્પરાંત શહેરની જનતાને આર્થિક નૂકશાન, મકાન,વાહનો સહિતના નુકસાન ને વેઠવાનો વારો આવી રહ્યો છે.




શહેરમાં દોઢેક ફૂટ વરસાદના પાણી રોડ પર ફરી વળતાં ખાસ કરીને સાંજના સુમારે નોકરિયાત વર્ગને એમાય દ્વિચક્રી વાહન ચાલકોને હાલાકી ભોગવવી પડી હતી




સયાજીગંજ અલકાપુરી ગરનાળામાં વરસાદી પાણી ભરાતાં સાવચેતીના ભાગરૂપે બંધ કરાયું તે અગાઉ કેટલાક વાહનો પાણીમાં ખોટકાયા હતા.




પરશુરામ ભઠ્ઠા વિસ્તારમાં આવેલા રેલવે અંડર ગરનાળામાં વરસાદી પાણીના ધસમસતા પ્રવાહમાં જોખમી રીતે પસાર થતો વ્યક્તિ.




સયાજીગંજ વિસ્તારમાં વરસાદી પાણી રોડ પર ભરાતાં લોકોને હાલાકી, ડ્રેનેજના તૂટેલા કે ખુલ્લા ઢાંકણ જોખમી બની શકે તેવી સ્થિતિ.




સવારથી શરૂ થયેલા વરસાદને પગલે દાંડિયા બજારથી લકડીપુલ તરફ જવાના માર્ગે પાણી ભરાઈ ગયા હતા.




શહેરમાં સવારથી અવિરત વરસાદ વચ્ચે શહેરના નટુભાઈ સર્કલ પાસે સાંજે છ વાગ્યા સુધીમાં સવા બે ઈંચ વરસાદ પડતાં નટુભાઈ સર્કલ તથા આસપાસના રોડ પર બે ફૂટ જેટલા વરસાદી પાણી ભરાયાં હતાં.

**મેનેજરના મેલ પર મુરસલિયા ઓફિસ ચેન્નઇના નામથી ગર્ભીત ધમકી ભર્યો મળ્યો**

# કમાટીબાગ પાસે આવેલી લોર્ડસ ઈન હોટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**સ્કૂલો** બાદ હવે હોટલોને બોમ્બથી ધમકી મળવાની સીલસીલો શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.5

સિગ્નસ વર્લ્ડ સ્કૂલ તથા ડી આર અમીન મેમોરિયલ સ્કૂલ બાદ હવે મુરસલિયા ઓફિસ ચેન્નઇના નામથી નયનથારાના આઈડી પરથી સયાજીગંજની લોર્ડ ઈન હોટલમાં આરડીએક્સ પ્લાન્ટ કરાયો છે તે ટુક સમયમાં ફાટશે તેવી ધમકી મેનેજરના મેલ પર મળી હતી. જેથી વિવિધ એન્જસીઓ દ્વારા ડોગ તથા બોમ્બ સ્કવોડ દ્વારા તપાસ કરાઈ હતી. પરંતુ કોઈ વાંધાજનક વસ્તુ મળી આવી નથી.

વડોદરા શહેરમાં ગઈ કાલે 4 જુલાઈના રોજ વિસ્તારમાં આવેલી




સિગ્નલ વર્લ્ડ તથા દિવાળીપુરાની ડી આર અમીન મેમોરિયલ સ્કૂલના પ્રિન્સિપાલના ઈમેલ પર નયનથારા ડિયાના કુરિયનના આઈડી પરથી બંને સ્કુલોમાં આરડીએક્સ પ્લાન કર્યો અને તે ફાટવાનો છે તેવી ધમકી ભર્યો મેલ મળ્યો હતો. ત્યારબાદ હજુ પોલીસ તો આ બંને આઈડીની બાબતેની પૂરી તપાસ કરી શકી નથી ત્યાં તો સયાજીગંજ વિસ્તારમાં આવેલી પ્રતાપગંજ પોલીસ ચોકીની પાસે આવેલી લોર્ડ ઈન હોટલના

**બોમ્બ થ્રેટની વર્ષ 2024-25ના કેસોની વિગતો ઇન્ટિગ્રેટેડ સાઇબર ક્રાઇમ કો-ઓર્ડિનેશન સેન્ટર ખાતે મોકલાઇ**

એક ટાઇના તમિલનાડુ પોલિટિક્સના કોન્ટેક્સ સમિન્સન સંલગ્ન મેલ આવી રહ્યા છે. જેમાં જ સતંદર રીતે ફેક છે. આ પ્રકારના મેલ રાજ્યના અન્ય શહેરોમાં પણ મળ્યા છે. તો રાષ્ટ્રીય કક્ષાએ ઇન્ટિગ્રેટેડસાઇબર ક્રાઇમ કો ઓર્ડિનેશન સેન્ટર કરી છે તેમા મે તમામ બોમ્બથી મળેલી ધમકી મળ્યા હોય વર્ષ 2024-25ના કેસોની વિગત ઇમેલ કન્ટેન્ટ મોકલ્યાં છે. તેમની પાસે ફોરેન્સિક તથા ઇન્ટરનેશલ કોઓર્ડિનેશનના વ્યવસ્થા છે. - **નરસિમ્હા કોમાર,** પો.કમિશનર

મેનેજરના ઓફિશિયલ મેલ આઈડી પર મુરસલિયા ઓફિસ ચેન્નઈના નામથી નયનથારા ડિયાના કુરિયનના આઈડી પરથી હોટલમા આરડીએક્સ પ્લાન્ટ કરાયો છે જે ટુક સમયમાં ફાટશ તેવી ગર્ભિત ધમકી ભર્યો મેલ હોટલના મેનેજરના મેલ પર આવ્યો હતો. જેથી સંચાલકો દ્વારા પોલીસને જાણ કરાઈ હતી. જેના કારણે સ્થાનિક પોલીસ સહિતના એસઓજી સહિતના વિવિધ એજન્સીઓ અને બોમ્બ તથા ડોગ સ્કવોડની ટીમો તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી ગઈ હતી અને બોમ્બ શોધવા માટેનું સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ હજુ સુધી કોઈ વાંધાજનક વસ્તુ નહી આવતા રાહતનો શ્વાસ હોટલ તથા પોલસ તંત્રે લીધો હતો.

**'પ્રજાના પ્રશ્નો ઉકેલો' કહી કલ્પેશ પટેલે અલ્પેશ મજુમદારના પગ પકડી લીધા!**

# પ્રિ-મોન્સુન કામગીરીમાં વેઠ ઉતારનાર અલ્પેશ મજમુદાર અને અનુપ પ્રજાપતિને કલ્પેશ જય રણછોડે ખખડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરાના વોર્ડ નં. 18 માં ગટર સમસ્યા તેમજ સ્થાનિક વિકાસના મુદ્દે કાઉન્સિલર કલ્પેશ પટેલ (જય રણછોડ) એ સિટી ઈજનેર અલ્પેશ મજુમદાર અને કાર્યપાલક ઈજનેર અનુપ પ્રજાપતિને જાહેરમાં ખખડાવ્યા હતા. કાઉન્સિલર કલ્પેશ પટેલે દક્ષિણ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અને સિટી ઈજનેર અલ્પેશ મજમુદાર અને દક્ષિણ ઝોનના કાર્યપાલક ઈજનેર અનુપ પ્રજાપતિ સામે કરોડોના ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા હતા અને તેમને રસ્તા પર જાહેરમાં જ ઝાટકયા હતા. કાઉન્સિલર કલ્પેશ પટેલનું કહેવું છે કે, છેલ્લા ઘણાં વર્ષોથી વિસ્તારમાં કોઈ ઢંગનું વિકાસ કાર્ય થયું નથી. લોકોના ઘરમાં ગટરના પાણીએ બેક મારવાનું શરૂ કર્યું છે.



બગીચામાં પણ ગંદા પાણીને કારણે દુર્ગંધ ફેલાઈ રહી છે. લોકો વારંવાર ફરિયાદ કરે છે છતાં તંત્ર કોઈ કાર્યવાહી કરતું નથી. આ અંગે કાઉન્સિલર કલ્પેશ પટેલે ડેપ્યુટી કમિશનર અને ઈજનેરને સાથે રાખી તેમના વોર્ડના માંજલપુર વિસ્તારમાં સ્થળ પર ગયા અને લોકોને ભેગા કરીને સત્તાવાળાઓને વિસ્તારની હાલત બતાવી. જાહેરમાં રોડ પર કાઉન્સિલર અને અધિકારીઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વિવાદ એ તબક્કે પહોંચી ગયો હતો કે દક્ષિણ ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર અને સિટી ઈજનેર અલ્પેશ મજમુદારના પગ પકડીને કલ્પેશ પટેલે લોકોના કામ કરવા આજીજી કરી હતી. આ દશ્ય જોઈને લોકોને આશ્ચર્ય લાગ્યું અને માહોલ વધુ ગરમાઈ ગયો. કાઉન્સિલર તરફથી તંત્ર પર ભ્રષ્ટાચારના પણ આક્ષેપો કરાયા હતા. તેમણે જણાવ્યું કે, હું જો ભ્રષ્ટાચાર કરતો હોત તો આજે અને અત્યારે રાજીનામું આપી દઉં. સ્થાનિકોએ પણ કાઉન્સિલરની વાતને સમર્થન આપતાં જણાવ્યું કે, રસ્તાઓ તૂટી ગયા છે, ગટર ઉભરાતી રહે છે અને બહુજ કામો વર્ષોથી અટવાઈ ગયા છે. આ મુદ્દે તંત્રની નિષ્ક્રિયતા સામે લોકોમાં ભારે અસંતોષ છે.

**ઓનલાઈન ફરિયાદો ઉકેલાયાનો ઓટો આન્સર!**

ઓનલાઇન ફરિયાદ મામલે સ્થાનિકોએ પાલિકા પર આક્ષેપ લગાવ્યા હતા કે, ઓનલાઈન ફરિયાદ કર્યા બાદ પણ તેમની સમસ્યાનું સમાધાન થતું નથી. ફરિયાદ કર્યાના થોડા દિવસ બાદ સીધું જ કહીબદેવાય છે કે, સમસ્યાનું સમાધાન થઈ ગયું છે. પરંતુ વાસ્તવમાં સ્થળ પર કોઈ કામગીરી થઈ હોતી નથી.